# ગાંધીનગરમાં ગરમીનો મિજાજ ઉગ્ર બન્યો : પારો ૪૧.૨ ડીગ્રી

## છેલ્લા ચાર દિવસમાં રાત્રિના તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી વધ્યુ : ઢળતી સાંજ બાદ રાત્રિના સમયે પણ ગરમીનુ જોર વધ્યુ

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ ફરી એકવાર વધુ ઉગ્ર બન્યો છે. છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની આસપાસ રહેતુ હતુ. જયારે આજે મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની પાર થઈ જતા નગરજનો આકરી ગરમીમાં શેકાયા હતા. જયારે છેલ્લા ચાર દિવસમાં લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. રાત્રિનુ તાપમાન પણ ૫ ડીગ્રી ઉંચકાયુ છે જેના લીધે ઢળતી સાંજ બાદ મોડી રાત સુધી વાતાવરણમાં ગરમીની અસર અનુભવાય છે. રાત્રિના સમયે પણ હવે ઉકળાટ વેઠી રહ્યા છે. આજે પણ ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૦.૫ ડીગ્રી ઉપર આવ્યુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધઘટની સાથે સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ પણ ઓછુ થય હતુ. આકરી ગરમીના લીધે બપોરના સમયે હીટવેવથી જનજીવન પ્રભાવિત રહ્યુ હતુ. દિવસ દરમિયાન ગરમ પવન સાથે લું ફુંકાતા નગરજનોએ અંગ દઝાડતી ગરમી વેઠી હતી. છેલ્લા ઘણાં સમયથી ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળે છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી સુધી નીચે ઉતારતા શહેરીજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી પરંતુ એક દિવસની રાહત બાદ ગરમીએ પાછુ જોર પકડતા નગરજનો માટે ઉનાળો વધુ આકરો બન્યો છે. શહેરીજનો પણ છેલ્લા ઘણાં સમયથી આકરી ગરમીના લીધે પરેશાન છે. આકરી ગરમીમાં સનસ્ટ્રોકની તકલીફ પણ વિશેષ થતી હોવાનુ ધ્યાને આવ્યુ છે આવા સંજોગોમાં નગરજનોએ કામ સિવાય ઘરની બહાર ન નિકળવુ પણ સલાહભર્યુ હોવાનો તબીબોનો મત છે. આ ઉપરાંત ગરમીના ઉગ્ર મિજાજના લીધે અબોલ પક્ષીઓ પણ વિપરિત અસરનો શિકાર બની રહ્યા છે. આકરા તાપમાં બપોરના સમયે સેકટરવાસીઓ પણ ઘરમાં એ સી ઓન કરીને બહાર નિકળવાનુ પસંદ કરતા નથી જયારે અબોલ જીવ પણ વૃક્ષોની બખોલમાં લપાયેલા રહે છે. આકરી ગરમીમાં શહેરમાં ઠેર ઠેર પાણીની પરબ સેવા ધમધમી રહી છે. મિનરલ પાણીની પરબ સેવા પણ માનવતાનુ ઉત્તમ ઉદાહરણ બની છે. છેલ્લા ચાર દિવસમાં ગરમીનો પારો ૧.૨ ડીગ્રી ઉપર આવ્યો છે જયારે લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. રાત્રિનુ તાપમાન ૫ ડીગ્રી ઉપર આવ્યુ છે. જેના લીધે હવે દિવસની સાથે રાત્રિના સમયે પણ મોડે સુધી ગરમીની અસર વર્તાઈ રહી છે.



ગાંધીનગરમાં આજે ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બન્યો હતો. છેલ્લા ચાર દિવસમાં આજે સૌથી વધુ ગરમી નોંધાઈ હતી છેલ્લા બે ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ૪૦ થી ૪૧ ડીગ્રી વચ્ચે રહેતુ હતુ જયારે આજે ગરમી ૪૧ ડીગ્રીની પાર થઈ જતા નગરજનોએ બપોરના સમયે આગની ભઠ્ઠીમાં શેકાતા હોય તેવી આકરો તાપ અનુભવ્યો હતો. ગરમીના પારાની નજીવી ચઢ ઉતર વચ્ચે મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની પાર જોવા મળે છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૦.૬ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે ગરમી ૪૧.૨ ડીગ્રી રહી હતી જેના લીધે સવારથી જ ગરમી વધુ આકરી બની હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે મહત્તમ તાપમાનની સાથે લઘુત્તમ તાપમાનમાં પણ છેલ્લા બે ત્રણ દિવસથી સતત ફેરફાર જોવા મળે છે. અલબત્ત રાત્રિનુ તાપમાન પણ ઉંચુ આવતા ઢળતી સાંજ બાદ પણ ગરમી અનુભવતા નગરજનો



વાતાવરણમાં પલ્ટો - શહેરમાં મોડીસાંજે એકાએક વાદળો છવાતાં વાતાવરણમાં પલ્ટો અનુભવાયો હતો... ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં વરસાદી છાંટા સાથે માવઠાની આગાહી હવામાન વિભાગે કરી છે... જોકે હવામાન વિભાગે રવિવારથી વધુ પાંચ દિવસ હિટવેવનું અનુમાન પણ જાહેર કર્યું છે...

# ગાંધીનગર પોસ્ટલ ડિવીઝનમાં ૧૬૨ ડાક સેવકની ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર પોસ્ટલ ડિવીઝનમાં ૧૬૨ જેટલી ગ્રામીણ ડાક સેવકની જગ્યાઓ પર ભરતી કરવામાં આવનાર છે. ગાંધીનગર શહેરના સેક્ટરોના વિસ્તાર માટે ૬ જગ્યાઓ નિયત કરવામાં આવેલ છે. ગાંધીનગર ડિવીઝનમાં ગાંધીનગર, દહેગામ, માણસા, કલોલ તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારનો તેમાં સમાવેશ થાય છે.

સે. ૧૬ની પોસ્ટ ઓફિસના હદ વિસ્તાર માટે ૪ જગ્યા, સે. ૭ અને ૯ ના પોસ્ટ વિસ્તાર માટે ૧-૧ જગ્યા પર ભરતી કરવામાં આવનાર છે.

# ૧૨ થી ૧૪ વર્ષના બાળકોમાં કોરોના વેક્સિનેશનની ધીમી કામગીરી

## આ વયજૂથમાં ૬૦ ટકા જેટલા બાળકોને તંત્ર દ્વારા આવરી લેવામાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોમાં વેક્સિનેશનની ધીમી કામગીરી ચિંતાનો વિષય તંત્ર માટે બનીને ઉભર્યો છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આ વયજૂથમાં ૬૦ ટકા જેટલા બાળકોને તંત્ર દ્વારા આવરી લેવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ વયજૂથમાં પ્રથમ ડોઝ ૮૫ ટકાથી વધુ બાળકોને આપી દેવામાં આવ્યો છે જ્યારે બીજા ડોઝની કામગીરી ૪૩ ટકા થઈ છે.

૧૪ થી ૧૭ વર્ષમાં પણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૬ ટકા બાળકોને આવરી લેવામાં આવેલ છે.

જિલ્લા-શહેરમાં પ્રિકોશન ડોઝ લેવા માટે પણ લોકોમાં ઉદાસીન વલણ જોવા મળી રહ્યુ છે. પ્રિકોશન ડોઝમાં શહેરમાં ૬૦ ટકા લોકોને તો ગ્રામ્ય વિસ્તારમાં ૭૮ ટકા લોકોને આપવામાં આવેલ છે.

શહેરમાં જે રીતે કોરોનાના કેસો મળી રહ્યા છે તેથી સતર્ક બનેલ તંત્ર શહેરમાં અભિયાનના ભાગરૂપે ખાસ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવા માટે વિચારણા કરી રહેલ છે.

**૧૪ થી ૧૭ વર્ષમાં પણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૬ ટકા બાળકોને આવરી લેવાયા : ગ્રામીણ વિસ્તારમાં પણ પ્રિકોશન ડોઝની કામગીરીને હાઉસ ટુ હાઉસ અભિયાન કરી પૂર્ણ કરવા માટેની વિચારણા**

બીજી તરફ ગ્રામીણ વિસ્તારમાં પણ પ્રિકોશન ડોઝની કામગીરીને હાઉસ ટુ હાઉસ અભિયાન કરી પૂર્ણ કરવા માટેની વિચારણા ચાલી રહી છે.

કોરોનામાં જે નવા કેસો નોંધાઈ રહ્યા છે તેમાં યુવા દર્દીઓ વધુ મળી રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં હાલ કોરોનાના સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ છે. છુટા છવાયા કેસો મળી રહ્યા છે તેમાં મોટાભાગના દર્દીઓની ટ્રોલ હિસ્ટ્રી સામે આવી રહી છે એટલે પણ તંત્ર ચિંતાતુર છે.

શાળાઓમાં વેકેશનનો પ્રારંભ થઈ ગયો હોવાથી હવે ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોને માટે ખાસ કેમ્પોનું આયોજન કરવાની સક્રિય વિચારણા ચાલી રહી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેર-જિલ્લામાં અન્ય વયજૂથ અને ફ્રન્ટ લાઈન વર્કર્સ તેમજ કો-મોર્બીડ દર્દીઓમાં વેક્શિનેશનની કામગીરી સારી થઈ છે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે. કોરોના વેક્સિનેશનને કારણે કોરોનાના કેસો ત્રીજી લ્હેરમાં વધ્યા હોવા છતાં હળવા લક્ષણો જણાયા હતા જે નોંધનીય છે તેમજ હોસ્પિટલાઝેશન રેટ પણ ઓછો રહ્યો હતો.

# જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતી માટે એક વર્ષમાં ૪૦ થી વધુ કાર્ય શિબિરો યોજાઈ છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતી માટે ૪૦ થી વધુ શિબિરોનું આયોજન કરી ૮ હજારથી વધુ ખેડૂતોએ તેમાં ભાગ લીધો હતો.

જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતી અંતર્ગત આવરી લેવામાં સફળતા પણ મળી છે. શાકભાજીના પાકો તેમજ ધાન્ય પાકો અને હળદરની ખેતી પણ પ્રાકૃત્તિક ખેતી હેઠળ થઈ છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગૌ આધારિત ખેતી માટે ૨૩૪૮ લાભાર્થીઓ નોંધાયા છે. આ વર્ષે નવી સીઝનમાં પ્રાકૃત્તિક ખેતીના વિસ્તારમાં વધારો થવાનો આશાવાદ તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

મળતી વિગતો મુજબ જિલ્લાના ૩૦૩ ગામની ૨૨,૭૨૫ ખેડૂતો પ્રાકૃત્તિક ખેતી તરફ વળે તે માટે તંત્રએ રોડમેપ તૈયાર કરી દીધો છે. આ રોડમેપમાં તેમને તેમના ઉત્પાદનના વેચાણ માટેનું માર્કેટ પણ મળી રહે તેની વિચારણા અને આયોજન કરવામાં આવ્યું હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આજે પ્રાકૃત્તિક ખેતી અંગે રાજયના રાજયપાલશ્રી અને મુખ્યમંત્રી તેમજ કૃષિ, પશુપાલનના અધિકારીઓને સંયુક્ત વિડીયો કોન્ફરન્સ પણ કરી હતી.

આ વિડીયો કોન્ફર્સમાં પ્રાકૃત્તિક ખેતી માટે ગુજરાતને રોલ મોડેલ બનાવવા અધિકારીઓને સંકલ્પબદ્ધ થવા જણાવાયુ હતું.

જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ચાલુ માસમાં જ યોજાયેલ કૃષિ મેળા દરમ્યાન ખેડૂતોએ પ્રાકૃત્તિક ખેતી માટે સારો એવો રસ દાખવ્યો હતો અને વૈજ્ઞાનિકો સાથે આ સંદર્ભે ગોષ્ઠીમાં પણ ભાગ લીધો હતો.

પ્રાકૃત્તિક ખેતી કરવામાં ખર્ચ નહિવત આવે છે તેમજ જળ જમીન અને પર્યાવરણની રક્ષા પણ થતી હોય છે.

# સરગાસણ પાણી શુદ્ધિકરણ પ્લાન્ટની લાઈનમાં ત્રણ ઠેકાણે ભંગાણ

## શહેર તરફ આવતી લાઈનમાં ભંગાણ થતાં ઉદ્યાનોને હાલ બોર આધારિત પાણી આપવામાં આવે છે : ટૂંકમાં રીપેરીંગ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૬

સરગાસણ સ્થિત પાણી શુદ્ધિકરણ પ્લાન્ટની લાઈનમાં ભંગાણ થયું હોવાથી નગરના ઉદ્યાનો ને પાણી સપ્લાય થતું નથી પ્લાન્ટથી શહેર તરફ જતી લાઈનમાં પણ વિવિધ ત્રણ ઠેકાણે ગાબડાં પડ્યા છે બગીચાઓ ને પાણી સપ્લાય કરવાની લાઈન લાંબા સમયથી બંધ છે જયારે હવે આ લાઈનનું રિપેરિંગ કરવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે ટૂંકમાં કામ પૂર્ણ થયા બાદ સ્વર્ણિમ પાર્ક સહિતના બગીચાઓમાં પાણી નો સપ્લાય શરુ થશે હાલ બોર આધારિત વ્યવસ્થા મુજબ સપ્લાય આપી આકરી ગરમીમાં બાગ બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા પ્રયાસ થઈ રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં હાલ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે હાલ લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે આગામી દિવસોમાં શહેરના સેક્ટરોમાં આખો દિવસ પાણી નો અપ્લાય અપાશે હાલ પણ શહેરીજનો સમગ્ર દેશ માં સૌથી વધુ માથાદીઠ પાણી નો વપરાશ કરે છે જ્યારે સેક્ટરો માં પાણી સપ્લાય કરવાની સાથે નગરના ઉદ્યાનો માં પણ પાણી પૂરું પાડવાનું કામ ચેલેન્જરૂપ છે જોકે શહેરના બગીચાઓ માં પાણી આપવા માટે અગાઉ પાણી વિભાગ દ્વારા સરગાસણ માં ૧૦ એમ એલ ડી નો પ્લાન્ટ તૈયાર કરાયો હતો જેના આધારે શહેરની ઓળખ સમા સ્વર્ણિમ પાર્ક સરિતા ઉદ્યાન અને બાલોદ્યાન સહીત ના બગીચાઓ માં પાણી સપ્લાય કરવામાં આવતું હતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી શુદ્ધિકરણ ના પ્લાન્ટ ની એક લાઈન તૂટી ગઈ છે જેના લીધે નગરના બગીચા ને પાણી સપ્લાય કરવામાં આવતું નથી અલબત્ત હાલ સ્વર્ણિમ પાર્ક નાબોર તેમજ સેક્ટરના અન્ય બોર આધારિત વ્યવસ્થા મુજબ ઉદ્યાનો ની હરિયાળી બરકરાર રાખવા પાણી પહોંચાડવા માં આવે છે શહેરમાં સપ્લાય થતા પાણી પુરવઠા ની સાથે બોર કે નર્મદા નું પાણી આપવાનું તંત્ર માટે મોંઘુ અને ખર્ચાળ સાબિત થાય છે જયારે શહેરના સપ્લાય માંથી ઉદ્યાનોને પાણી આપવા થી સેક્ટરો માં પણ પાણીની ઘટ ઉભી થવાની સંભાવના છે.

આવા સંજોગોમાં તૂટેલી લાઈન નું રિપેરિંગ ઝડપથી થાય તે પણ અનિવાર્ય છે પાણી પુરવઠા બોર્ડ દ્વારા પણ નવો પ્લાન્ટ તૈયાર કરવામાં આવનાર છે પરંતુ આ નવો પ્લાન્ટ તૈયાર થતા પણ હજુ સમય લાગશે. જ્યારે હાલ નગરના ઉદ્યાનો ને સરગાસણ પ્લાન આધારિત પાણી સપ્લાય થતું નથી. શહેર તરફની લાગણીમાં વિવિધ ત્રણ ઠેકાણે ભંગાણ થતાં બગીચાઓને પાણી આપી શકાતું નથી. આ માટે લાઈનનું રીપેરીંગ કરાયા પછી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૪ કેસ : ૧૭ દર્દી રિકવર થયા

## એક પણ મોત નહી : રાજ્યમાં રસીના આજે કુલ ૬૮,૦૭૨ ડોઝ અપાયા

ગાંધીનગર, તા.૬

કોરોનાના આંકડા ગુજરાતમાં ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયેલી ભીતિ કે જુન-જુલાઈમાં કોરોનાની વધારે એક લહેર આવી શકે છે સાચી ઠરશે કે શું તેવા સવાલો થઈ રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૪ કેસ નોંધાયા છે, જે કાલે ૨૫ હતા. તો બીજી તરફ ૧૭ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૩૮૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં રસીના આજે કુલ ૬૮,૦૭૨ ડોઝ અપાયા હતા.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૧૮ કેસ એક્ટિવ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૧૬ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૨,૧૩,૩૮૨ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. જો કે કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦,૯૪૩ નાગરિકોનાં મોત પણ થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ મોત નથી થયું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૫, વડોદરા કોર્પોરેશનમાં ૪, નવસારીમાં ૨ અને સુરત- રાજકોટમાં ૧-૧ કેસ નોંધાયો હતો.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૧૯૬ ને પ્રથમ તથા ૧૪૩૩૩ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના કિશોરો પૈકી ૩૨૩ ને પ્રથમ અને ૩૬૯૯ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

# મેનપાવરના અભાવે શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ અને વન વિસ્તારની સફાઈ કામગીરીના નામે મીંડુ

## નવા મજુરો રાખવાની મંજુરી નથી હાલ પણ ૨૫ મજુરોની ઘટ છે : મેનપાવરના અભાવે સેકટરોમાં વરસાદી દિવસો પુર્વે વૃક્ષોનુ ટ્રીમીંગ પણ થતુ નથી : મુખ્યમાર્ગો આસપાસ પણ વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ આડશરૂપ

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી થતી નથી. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ વાહનચાલકો તેમજ સ્થાનિકો માટે અડચણરૂપ બને છે. વોક વે ઉપર પણ આવા જ દ્રશ્યો જોવા મળે છે. બીજીતરફ મેનપાવર અને મશીનરીના અભાવે સેકટરોમાં ટ્રીમીંગનુ કામ માત્ર વી આઈ પી રૂટમાં જ થતુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. વનતંત્ર પાસે પુરતો મેનપાવર પણ નથી હાલ ૨૫ જેટલા મજુરોની ઘટ વચ્ચે આ કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં આગામી વરસાદી દિવસો પુર્વે સેકટરોમાં ઝડપથી ટ્રીમીંગ થાય તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષાના ટ્રીમીંગનુ કામ નિયમિત રૂપે થતુ નથી જેના લીધે સેકટરોના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ નાગરિકો માટે અડચણરૂપ બની છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં ટ્રીમીંગના અભાવે નમી પડેલી તોતિંગ ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે પણ અવરોધરૂપ બની છે. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર પુરતુ અજવાળુ પણ પથરાતુ નથી વરસાદી દિવસોમાં નાગરિકો માટે જોખમી સ્થિતિ સર્જાય છે. આ ઉપરાંત શહેરના વોક વે ઉપર પણ વૃક્ષોની લટકતી ડાળીઓ પણ નાગરિકો માટે મુસીબતનુ કારણ બની છે. શહેરીજનો વોકીંગ કરવા જતા વૃક્ષોની ડાળીઓ પણ નડતરરૂપ બને છે. જેના લીધે ઘણીવાર સિનિયર સિટીઝન્સ પણ અકસ્માતનો ભોગ બને છે. આ ઉપરાંત ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા પણ વર્ષોના અંતે દુર થયા નથી જેથી વોકીંગ કરનારાઓ પણ ઘણીવાર અકસ્માતે ગબડી પડે છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની ડાળીઓ પણ સાઈન બોર્ડસ માટે આડશ બની છે. સાઈન બોર્ડસ પણ ઘણાં ઠેકાણે વૃક્ષોની ડાળીઓથી ઘેરાયેલી જોવા મળે છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી અગાઉ ટ્રીમીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ વાઈબ્રન્ટનુ આયોજન પડતુ મુકાતા આખરે ટ્રીમીંગની કામગીરી પણ અપુર્ણ રહી હતી. અગાઉ વનતંત્ર દ્વારા વરસાદી દિવસો પુર્વે જ સમગ્ર શહેરમાં ટ્રીમીંગ કરવામાં આવતુ હતુ પરંતુ છેલ્લા બે વર્ષથી ટ્રીમીંગની કામગીરી સેકટરોમાં પુર્ણરૂપે થતી નથી માત્ર વી આઈ પી રૂટમાં જ વૃક્ષોનુ ટ્રીમીંગ થાય છે. વન આરક્ષિત વિસ્તારમાં સફાઈનો પ્રશ્ન પણ આવી જ હાલતમાં છે. સફાઈના અભાવે વન આરક્ષિત વિસ્તારમાં પણ દબાણો વચ્ચે ગંદકીના ઢગ ખડકાયા છે. બીજીતરફ આ સ્થિતિ નિવારવા માટે વનતંત્ર પાસે પણ પુરતો મેન પાવર નથી ગાંધીનગર બોરીજ રેન્જમાં મજુરોની ઘટનો પ્રશ્ન લાંબા સમયથી છે. નવા મજુરો રાખવાની મંજુરી મળતી નથી જયારે હાલ વનતંત્રની આ રેન્જમાં ૬૮ મજુરો કામ કરી રહ્યા છે. જયારે કામ કરતા મજુરો પણ

● અનુસંધાન પાન-૭ પર


“સંસ્કૃતિ” સંસ્થા, ગાંધીનગર

૨૦૨૨-૨૩નો પ્રારંભ

સૌને પોષાય એવી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૨૦૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂા.૧૨૦૦/- (વાર્ષિક)

‘સંસ્કૃત’ સંસ્થાના ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષ દરમિયાન સભ્ય થયેલા મિત્રોને જણાવવાનું કે તે વર્ષના બે કાર્યક્રમો અમે આપને કોરોનાના રોગચાળાને કારણે આપી શક્યા ન હતા. એ વાત અમે નૈતિક રીતે યાદ રાખી છે અને સને ૨૦૨૨-૨૩ના કાર્યક્રમોનો પ્રારંભ કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ ઉક્ત નૈતિક જવાબદારી પૂર્ણ કરીએ છીએ અને આપ સૌની સાથે મિલન-સમારંભ યોજીએ છીએ.

તા. ૭-૫-૨૦૨૨, શનિવાર,
સમય : સાંજે ૭-૦૦ કલાકથી આપના આગમન સુધી.
સ્થળ : સેકટર-૨૨નો રંગમંચ, ગાંધીનગર.

આવો, મળીએ અને સાથે ભોજન લઈએ.

‘સંસ્કૃત’ સંસ્થાના સૌ સભ્યોને જણાવવાનું કે તા. ૭-૫-૨૦૨૨ના કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ આપ સૌને કુરિયર દ્વારા રવાના કરી દેવામાં આવ્યા છે. તા. ૬-૫-૨૦૨૨ ને શુક્રવારના રાતના ૮-૦૦ વાગ્યા સુધી જો આપને કાર્ડ ન મળે તો મોબાઈલ નંબર ૯૮૨૫૮ ૭૯૫૨૯ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

કાર્યક્રમના નિમંત્રણ કાર્ડની સાથે આગામી વર્ષના સભ્યપદના નિયત ફોર્મ પણ રવાના કરવામાં આવ્યા છે જે ઉક્ત ભોજન અને મિલન-સમારંભ વખતે સાથે લેતા આવવા અનુરોધ છે. ‘સંસ્કૃત’ સંસ્થા તેની પરંપરા મુજબ આ વર્ષે પણ મનગમતા મનભાવન કાર્યક્રમો આપને પીરસસે તેની ખાત્રી આપવામાં આવે છે.

સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો) ૮૩૨૦૪ ૧૮૪૫૨
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪ ૩૧૯૦૦
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુકલ, મહામંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે સુંદર પ્રતિસાદ અપેક્ષિત છે.
(૨) વર્ષમાં ૬ ઉત્તમ આયોજનો- જેમાં ફિલ્મ સંગીત, લોકસાહિત્ય કે હાસ્ય રસનો કાર્યક્રમ.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com